सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | તા. ૧૫/૦૪/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | તા. ૧૫/૦૪/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | તા. ૦૧/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ ૦૧ | માસ ૦૧ | દિવસ ૧૭ |

## **–: નમુનો–અ :–**

**દહેગામના મહે. એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જજ (હર્ષા એમ દોશી) સાહેબશ્રીની કોર્ટમાં મુ.દહેગામ**

**ફોજદારી કેસ નં. ૪૩૭/૨૦૨૫**
**આંકઃ–**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ** |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ગુ.ર.નં. ૧૧૨૧૬૦૧૨૨૫૦૦૫૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | રખિયાલ પો.સ્ટે. |
| ફરિયાદીપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી આર.બી.રાવલ |
| આરોપીપક્ષ | **પ્રતાપસિંહ રામસિંહ ચૌહાણ, ઉ.વ.૪૪**<br>રહેઃ– કુલપુરા તાબે પીપલજ, તા. દહેગામ, જી. ગાંધીનગર |
| રજુઆત | વિ.વકીલશ્રી એસ.આર.પંચાલ |

## **–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૧/૦૨/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૫/૦૪/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો શરુ થયાની તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | --- |

**::આરોપીની વિગત::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પ્રતાપસિંહ રામસિંહ ચૌહાણ, ઉ.વ.૪૪** રહેઃ- ફુલપુરા તાબે પીપલજ, તા. દહેગામ, જી. ગાંધીનગર | ૨૦.૦૨.૨૦૨૫ | ૨૦.૦૨.૨૦૨૫ | **ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની** | નિર્દોષ છોડયા | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | **કલમ– ૧૩૫ મુજબ** | | | |

**:: નમુનો::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ.ફરિયાદ પક્ષે મૌખિક પુરાવો

| **અનુક્રમ** | **આંક** | **સાહેદના નામ** | **પુરાવનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા.નં.૧ | ૦૯ | બાદરસિંહ હેમંતસિંહ ઠાકોરની જુબાની | ફરિયાદી |

### ब. ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવો

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદ |
| ૨ | ૧૧ | પંચનામુ |
| ૩ | ૧૨ | પંચનામુ |
| ૪ | ૧૩ | મેડીકલ સર્ટી |

**–:જજમેન્ટ:–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઇ તા. ૧૧/૦૨/૨૦૨૫ ના આશરે કલાક ૧૭/૦૦ વાગે મોજે–કુલપુરા ગામની સીમમાં તાબે પીપળજ, તા. દહેગામ ખાતે ફરિયાદી પોતાના ખેતરમાં જતા હતા તે દરમ્યાન કોલમ નં. ૧ માં જણાવેલ આરોપીએ ફરિયાદીને રસ્તામાં નિકળવા બાબતે ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપીના હાથમાની લાકડી ફરીયાદીને માથાના ભાગે વગાડી લોહીની કુટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી અધિક જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ભાગી જઇ ગુન્હો કરેલ હોય, આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ

અધિકારીએ આ કામના આરોપીઓ સામે ગુનો નોંધી ત્યારબાદ આ કામના ત.ક.અધિકારીએ આ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક – ૬ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી આંક – ૫ થી પ્લી નોંધી સમજાવતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:મૌખિક પુરાવોઃ–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૦૯ | બાદરસિંહ હેમંતસિંહ ઠાકોરની જુબાની | ફરિયાદી |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| **અનુ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદ |
| ૨ | ૧૧ | પંચનામુ |
| ૩ | ૧૨ | પંચનામુ |
| ૪ | ૧૩ | મેડીકલ સર્ટી |

(૪) આ સિવાય ફરિયાદ પક્ષે વિશેષ કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદપક્ષે આંક – ૧૪ થી પુરાવો બંધ કરવાની પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને રાખતાં આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા

સંહિતાની કલમ–૩૫૧ હેઠળ વધારાનું નિવેદન લેવા જેટલો પુરાવો ના હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારાબદ આરોપીઓના વિ.વકીલશ્રી તથા વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:મુદ્દાઓ:–

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદી નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ગઇ તા. ૧૧/૦૨/૨૦૨૫ ના આશરે કલાક ૧૭/૦૦ વાગે મોજે–કુલપુરા ગામની સીમમાં તાબે પીપળજ, તા. દહેગામ ખાતે ફરિયાદી પોતાના ખેતરમાં જતા હતા તે દરમ્યાન કોલમ નં. ૧ માં જણાવેલ આરોપીએ ફરિયાદીને રસ્તામાં નિકળવા બાબતે ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપીના હાથમાની લાકડી ફરીયાદીને માથાના ભાગે વગાડી લોહીની કુટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી અધિક જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ભાગી જઇ ગુન્હો કરી શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે તે મુજબની ફરિયાદીની ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

# -:કારણો:-

**મ‍ુદ્દા નં.(૧):-**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષ માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં ફરિયાદી બાદરસિંહ હેમંતસિંહ ઠાકોરને આંક - ૦૯ થી તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, બનાવ આજથી એકાદ વર્ષ અગાઉ બનેલ. બનાવ સમયે તેઓ પીપળજ ગામે જીતુસિંહ મગનસિંહનાઓના ખેતરમાંથી નિકળેલ તે વખતે તેમના ભાગીયા ખેતરમાંથી નિકળવા બાબતે તેઓની સાથે સામાન્ય બોલાચાલી કરેલ અને તે વખતે હોબાળો થતા લોકો ભેગા થઇ ગયેલ અને ધક્કામુક્કીમાં પડી જવાથી તેઓને શરીરે સામાન્ય ઇજાઓ થયેલ જે અંગેની સારવાર તેઓએ રખિયાલ સરકારી દવાખાને લીધેલ. બનાવની ફરિયાદ તેઓએ આપેલ જે બતાવતા

તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખુ છુ જે ફરિયાદ રજુ દાખલ આંક – ૧૦ આપવામાં આવે છે.

આમ, સદર ફરિયાદી તેઓના પોલીસ રુબરુની ફરિયાદને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા ફરિયાદી તરીકે જાહેર કરી, કોર્ટની પરવાનગીથી તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ પોલીસ રુબરુની ફરિયાદની હકીકતને સમર્થન કરે તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૦૯) આમ, આ કામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે ફરિયાદી બાદરસિંહ હેમંતસિંહ ઠાકોરને આંક – ૦૯ થી તપાસેલા છે. તેઓની જુબાની સરતપાસ જોતાં તેઓ ફરિયાદ હકીકતને સમર્થન કોઇ હકીકત જણાવતા નથી અને તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેમને આરોપીએ તેઓને કોઇ ગાળો બોલી હોય, ફેટ પકડી હોય કે લાકડીથી માર મારેલ હોય અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેનો ઈન્કાર કરે છે. આમ, સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સમર્થનરુપ કોઇ હકીકત તેમના પુરાવામાં જણાવતા ના હોય ત્યારે આ કામના આરોપીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીને ગડદાપાટુનો માર મારેલ હોય કે ગાળો બોલી હોય તેમ જણાઇ આવતું નથી. આમ, રેકર્ડ પર રજુ પુરાવો જોતા આ કામના આરોપી દ્વારા ફરિયાદમાં જણાવ્યા મુજબના કથનો અનુસાર ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુના નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આ કામના આરોપીને નિર્દોષ છોડી મુકવાનું ન્યાયોચિત જણાતુ હોય આ કામે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

# -: આખરી હુકમ :-

૧ આ કામના આરોપી **પ્રતાપસિંહ રામસિંહ ચૌહાણ,** રહેઃ- કુલપુરા તાબે પીપલજ, તા. દહેગામ, જી. ગાંધીનગર નાઓને બી.એન.એસ.એસ.ની.કલમ-૨૬૫(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨ આ કામના દરેક આરોપીઓએ બી.એન.એસ.એસ.ની.કલમ - ૪૮૧ અન્વયે રૂ. ૫,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવા.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખઃ- ૦૧/૦૬/૨૦૨૬
સ્થળઃ-દહેગામ

**( હર્મ્યા એમ દોશી )**
એડી. જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ
દહેગામ
(જજ કોડ નં. જીજે.૦૧૬૬૧)